# પતિવ્રતા - સતી સ્ત્રીના ધર્મો

૨/૬૨ ૦.૩૭.૪૦ **અમી ઠાકોર**

**અ.૭**

**અનસૂયા માતા :-**

પતિવ્રતા સાધ્વીતણી, કીર્તિ ત્રિભુવન ગાય;
પતિસેવાથી ક્ષિતિતલે, શું શું કહે ન થાય? ૧૫૧.

કાયા વાચા મન થકી, કરે પતિની સેવ;
તરી તારે અન્યને, કરે દીનને દેવ. ૧૫૨.

ધર્મ અર્થ ને કામને, કરે પલકમાં પ્રાપ્ત;
મુક્તિપદ ચાટે સદા;, સતી તીર્થ પર્યાપ્ત. ૧૫૩.

કષ્ટ ના ગણે કો દિને, કરે ભાવથી સેવ;
દેવાધિક પતિને ગણી, સાધ્વી ધન્ય સુદેવ ૧૫૪.

ફાવે તેવો પણ પતિ, રાખે એ પર ભાવ;
સ્વધર્મપાલનથી થશે, દગ્ધ સકળ ત્રિદાવ! ૧૫૫.

મેં પણ આ ધર્મે કર્યો, આત્મા નિજ પાવન;
પતિચરણરત સર્વદા, રહે સંતુષ્ટ મન. ૧૫૬.

અંતર્બાહ્ય વસે પતિ, તન્મુખ પરમાનંદ
આપે; કોણ ગણે તિંહા, તુચ્છ બ્રહ્માનંદ? ૧૫૭.

**અ.૨૬**

**સુરમુનિ :-**

હે જગદીશ્વર સર્વને, આપો બુદ્ધિ એમ;
માની પતિને દેવ સમ, સેવે અનન્ય તેમ! ૧૧૮.

**અ.૬૮**

**શ્રી નૃસિંહ સરસ્વતી ગુરુમહારાજ :-**

સૂણી વચન ગુરુ સ્મિત કરી, કહેઃ- સ્ત્રીઓને તપ
પતિસેવા વિણ ના કંઈ;, એજ પરમ છે જપ. ૪૮.

પતિસેવા ગતિદા મતા, જેથી રીઝે ઈશ;
આપે પર પદ મોક્ષ જે, પતિ જ કેવળ ત્રીશ. ૪૯.

પાતિવ્રત્ય થકી નહીં, દુર્લભ કાંઈ ત્રિલોક;
ભવતારક પતિ વિણ નહીં, સ્ત્રીને ત્રણે લોક. ૫૦.

તેથી મન સુસ્થિર કરી, માની દેવસમ કાન્ત[1],
સેવા કર ભગિની થશે, મુક્તિ વેદ સહુ ગાત. ૫૧.

દુઃખી મા થા મન વિષે, વચન માન પ્રમાણ;
સત્ય સત્ય ભગિની નહીં, તારક સ્ત્રીને આન. ૫૨.

**અ.૮૫**

**બૃહસ્પતિ :-**

કહે બૃહસ્પતિઃ- દેવ હે!, સૂણો સત્ય વચન;
લોપામુદ્રા સમ નહીં, પતિવ્રતા કો અન[2]. ૩૦.

અનસૂયા સાવિત્રી ને, સતી અરુંધતી તેમ;
શાંડિલ્યસ્ત્રી સંમતા, પતિવ્રતા સહુ એમ. ૩૧.

સ્વાયંભુવમનુપત્ની જે, શતરૂપા વિખ્યાત,
હિમવત્પત્ની મેનકા, ઉમા રમા સાક્ષાત; ૩૨.

સુનીતિ માતા ધ્રુવ તણી, સંજ્ઞા સ્વાહા તેમ;
માને પતિને દેવ સહુ, પતિવ્રતા આ એમ. ૩૩.

સર્વોત્તમ વિખ્યાત આ, લોપામુદ્રા આંહ્ય;
સુણો દેવ ધર્મો કહું, પતિવ્રતાના ત્યાંયઃ- ૩૪.

શાસ્ત્રસંમત સર્વ આ, પતિવ્રતા આચાર;
મુખ્ય ભોજન એહનું, પત્યુચ્છિષ્ટ[3] સુસાર. ૩૫.

અખંડ પતિસેવા કરે, અતિથિ પૂજન તેમ;
અન્ય દાનધર્માદિ ના, પત્યાજ્ઞા વિણ એમ. ૩૬.

ઊભે ઊભી બેસતાં, બેસે પતિ સહ એહ;
વર્તે આજ્ઞાથી સદા, કરે ન છણકો તેહ. ૩૭.

સેવાકાલે કંથને, માને ઈશ્વર એમ,
નિદ્રાકાલે ભક્તિથી, સેવે અખંડ તેમ. ૩૮.

થાતાં નિદ્રિત નિજ પતિ, સૂએ સાવધ પાસ;
સ્પર્શે જેમ ન કંચુકી, ભર્તૃદેહ ને ખાસ. ૩૯.

આયુર્હાનિ પતિ તણી, થાતાં ચોળી સ્પર્શ,
પતિનામોચ્ચારે તથા, થાય પત્યાયુર્ભ્રંશ. ૪૦.

ઊઠ્યો જ્યાં લગ ના પતિ, ઊઠી પૂર્વે તેમ,
ગૃહસંમાર્જનઆદિથી, થાએ નિવૃત્ત એમ. ૪૧.

કરી સ્નાન અર્ઘ્યાદિથી, પૂજે પતિને નિત્ય;
માની શંકર તત્પદે, મુકે શીર્ષ સુપ્રીત્ય ૪૨.

પ્હેરે ભૂષણ દેહ પર, હોય પતિ જો ઘેર;
બહારગામ જાતાં પતિ, ત્યજે શણગાર તેલ. ૪૩.



૧. પતિ ૨. અન્ય, બીજી ૩. પતિનું એઠું વધેલું

બોલે નિષ્ઠુર કંથ જો, કહે 'ક્ષમસ્વ' સદાય;
ક્રોધાદિક એનાં કદિ, ના લાવે ઉર માંહ્ય. ૪૪.

કંથ આવતાં બ્હારથી, જાએ સ્હામી તેમ;
મૂકી હજાર કામ પૂછે, 'શી આજ્ઞા' એમ. ૪૫.

પૂછી કુશલાદિક તથા, વર્તે આજ્ઞા માંહ્ય,
સ્વતંત્ર રીતે ના કદિ, ચાલે સાધ્વી ત્યાંય. ૪૬.

પતિવ્રતાએ પરગૃહે, ના જાવું કદિ તેમ;
જાતાં દોષ અનેક ત્યાં, રહેવું સાવધ એમ. ૪૭.

કાર્યાર્થે જાવું ઘટે, ના જોવું પરમુખ
જલદી પાછા આવવું, રહેવું સ્વગૃહે મૂક. ૪૮.

જતાં બહાર સ્વાતંત્ર્યથી, ઉલૂકયોનિમાં[1] જાય;
લોપામુદ્રા ધન્ય આ, વર્તે એમ સદાય. ૪૯.

પ્રાતઃકાલે ઊઠીને, પૂર્વે પતિની એમ,
સંમાર્જનાદિકથી પછી, પરવારીને તેમ; ૫૦.

કરી સ્નાન, ગંધાક્ષત,પુષ્પાદિક સામાન
સાફ કરી દેવોપકરણા,દિક[2] તે જ પ્રમાણ, ૫૧.

આપે પતિને નિત્ય એ;, સેવે અખંડ એમ;
પરવારે પતિ જ્યાં સુધી, કરે પાકાદિ તેમ. ૫૨.

મન વાચા ને કર્મથી, સેવે પત્યુચ્છિષ્ટ;
હોય પતિ જો બ્હાર તો, લે ધેનુનું શિષ્ટ. ૫૩.

અન્ન સમર્પી અતિથિને, કાઢી તેમ ગોગ્રાસ,
સાત્ત્વિક ભોજન સતી કરે, સર્વાન્તે એ ખાસ. ૫૪.

હલકી સોબત ના કરે, ભલે પડોશણ હોય;
ધોબણ ગાંયજી નીચ સ્ત્રીની, સોબતથી રોય! ૬૪.

નિંદ્યસ્ત્રી વા કુટ્ટિની, પતિનિંદારત જેહ,
ભાષણથી પણ તત્સહ, થાય સુદૂષિત એહ. ૬૫.

કરે વિવાદ ન કંથ સહ, કરતાં દુઃખી થાય;
માની પતિને દેવ સમ, રે' તન્મતે સદાય. ૬૯.

ફાવે તેવો નિજ પતિ, માને હરિસમ એહ;
વર્તે તદ્વાક્યે સદા, થાય ઈશપ્રિય તેહ. ૭૧.

કરે દુરાગ્રહ ના કદિ, રહે સદા સંતુષ્ટ;
દૈવે પતિને જે મળે, તેથી પરમ સુહૃષ્ટ. ૭૫.

જોઈ સમર્થ અન્યને, ના નિંદે નિજ કંથ;
દેખી યાત્રિક[3] ના ચહે, જાવા તીરથપંથ. ૭૬.

પતિસેવા જાત્રા નકી, તચ્ચરણામ્બુ તીર્થ
માની, મનથી પણ કદિ, ના ઈચ્છે પર તીર્થ. ૭૭.

માની ગંગાજળ પીએ, પતિપાદોદક તેમ;
દેખી પતિભક્તિ તથા, રીઝે ત્રિમૂર્તિ એમ. ૭૮.

ક્રોધે સ્હામો કંથને, આપે જવાબ જેહ;
થઈ કૂતરી તે પછી, થાએ શિયાળ તેહ. ૮૧.

માટે પતિપદ ભાવથી, ધોઈ ચરણામૃત
પીએ નિત્ય પતિવ્રતા;, ખાય ઉચ્છિષ્ટ તૃપ્ત. ૮૩.

પૂજાએ સ્વર્ગે અહા, પતિ સહ એહ સુજાણ
અત્ર પરત્ર બધે સતી, પામે એ સન્માન. ૮૫.

દેખે પર નર કામથી, થાએ જન્માંધ તેહ;
છોડી પતિને ખાય જે, થાય સૂકરી એહ. ૯૧.

થતાં તુષ્ટ ભર્તા નકી, થાય ત્રિમૂર્તિ તુષ્ટ;
થતાં રુષ્ટ એ, દેવ પણ, થાએ સકળ સુરુષ્ટ! ૯૮.

ભાઈભાંડુ માબાપ પણ, રીઝયે સરે ન સ્વાર્થ;
થતાં તુષ્ટ પતિ એકલો, ઐહિકામુષ્મિકાર્થ! ૯૯.

તીર્થ દેવ ગુરુ સર્વ એ, કંથ માહરો એક;
માને નિશ્ચય એમ જે, સતી વંદ્ય તે છેક. ૧૦૦.

ઘેર ઘેર પડી સ્ત્રીઓ, રૂપલાવણ્યયુક્ત!
શું એથી? એક જ ભલી, સતી કરે કુલ મુક્ત! ૧૩૦.

પતિવ્રતા જેને ઘરે, પુણ્યવાન એ ધન્ય;
સપ્તજન્મનાં પુણ્યથી, સાધ્વી મળે સુધન્ય! ૧૩૧.

સતીયોગથી નર લભે, ચતુર્વિધ પુરુષાર્થ;
હોય પુણ્ય તો સાંપડે, એવી સતી સુહાર્દ[4]. ૧૩૨.

યદ્ગેહે એવી સતી, સાર્થક તેનું પુણ્ય;
પુત્રલાભ તદ્યોગથી, તેમ પરલોક ધન્ય! ૧૩૫.

ગંગાસ્નાનાધિક નકી, સતી દર્શને પુણ્ય;
સપ્તજન્માઘહૃત્ સતી, પતિતપાવની ધન્ય. ૧૩૭.

૧. ઘુવડ ૨. દેવનાં વાસણ વગેરે ૩. જાત્રાળું ૪. વિશુદ્ધ અંતઃકરણ, પ્રેમવાળી

**અ.૮૯**

**શ્રી ગુરુ :-**

ચરણસ્મરણ રહે સદા, જેથી તારૂં નાથ,
બોધ એક શ્રુતિમંત્ર ભો, શ્રેષ્ઠ સનાતન તાત! ૫.

બોલે શ્રીગુરુઃ- સ્ત્રી તણું, સાધન એકજ જાણ,
પતિસેવા વિણ નારને, તરણોપાય ન માન. ૬.

શ્રુત્યધિકાર ન એહને, દેવો મંત્ર ન તેમ;
જાય સામર્થ્ય મંત્રનું, દાતૃતેજ પણ એમ. ૭.

પતિસેવા સ્ત્રીનો નકી, એકજ ધર્મ મહાન;
શું મંત્રે એને તથા?, મંત્ર પતિવાક્ય માન. ૧૦.

**અ.૧૨૦**

**કન્યકા :- (ગંગા)**

લખ્યો જન્મ જે સ્ત્રી તણો, વિધિએ લલાટ માંહ્ય
પુનઃ પુનઃ શું એ ગ્રહી, સર્વ જીંદગી આંહ્ય. ૮૮.

ચૂલાચક્કીમાં કરી, પૂરી મરવું એમ?
ગધાવૈતરા વિણ ન શું, અન્ય દૈવમાં તેમ. ૮૯.

કર્યું નિર્માણ સ્ત્રી તણા, વિરિંચિએ હા હન્ત?
માત્ર પુરુષને માટ શું જ્ઞાનમુક્તિનો પંથ? ૯૦.

**ગુરુ :- (શ્રી સ્વામિ મહારાજ )**

સ્ત્રીપુરુષાદિક ભેદ ના કદિ જીવની માંહ્ય;
કર્માનુસાર દેહ સહુ પામે નિશ્ચય આંહ્ય. ૯૨.

પાપપુણ્ય જે જેહનું તે સમ તે તે દેહ,
સ્ત્રીપુરુષાદિકનો અહીં ધરે પ્રાણીઓ તેહ. ૯૩.

અભિન્ન ચેતન એહમાં, ના એમાં કંઈ ભેદ;
સ્ત્રીપુરુષનપુંસકાદિકનો ના ત્યાં ખેદ. ૯૪.

પાંચ જ્ઞાનેન્દ્રિય અને પંચ કર્મેન્દ્રિય જાણ,
પંચ પ્રાણ, મન બુદ્ધિને ચિત્તાહંકાર માન. ૯૫.

ઓગણીસ એ તત્ત્વનો લિંગસંજ્ઞક[1] જેહ
સૂક્ષ્મદેહ, તેમાં પડે ચૈતન્યજયોતિ જેહ. ૯૬.

તેજ જીવ, બીજો નહીં! ચેતનમાં એ આંહ્ય
સ્ત્રીપુરુષાદિક ભેદનું નામનિશાન ન કયાંય. ૯૭.

થતાં મોત નરનારીનું જીવ ગયો કે' એમ;
સ્ત્રીપુંવાચક શબ્દ ના કોઈ લગાડે તેમ. ૯૮.

તેમ જન્મ સ્ત્રીનો થતાં, પ્રાપ્ત એકદા જાણ,
એનો એજ ફરી ફરી, લેવો ન પડે માન. ૯૯.

કર્માનુસાર બધું બને;, ન્યૂન અધિક વા જેમ
પાપપુણ્ય નર આચરે, દેહ તે તે તેમ. ૧૦૦.

સ્ત્રીપુરુષાદિક બ્રહ્મવિટ્[2], ક્ષત્રશૂદ્રનો જાણ
મૂક અંધ પંગ્વાદિ[3] ને, સુજ્ઞ મૂર્ખ વા માન. ૧૦૧.

થાય પ્રાપ્ત સહુ કર્મથી, ના એમાં સંદેહ;
અંતે મતિ જેવી રહે, તેવી ગતિ ને દેહ! ૧૦૨.

મુક્તિ જ્ઞાને સર્વને, સ્ત્રીપુંભેદ ન ત્યાંય;
દેહાત્મ્યૈકયે મૂઢધી, પડે દુઃખમાં આંહ્ય! ૧૦૩.

**અ.૧૨૨**

**શ્રી સ્વામિ મહારાજ :-**

દેહાભિમાન છોડી આ, મમોપદેશવિચાર
કરી નિરંતર જો તથા, વર્તીશ તું નિર્ધાર, ૯૦.

પરમાનંદ તણી થશે, પ્રાપ્તિ તુજને જાણ!
વદે અન્નપૂર્ણા સતીઃ-, ચિત્તે મમ આ જ્ઞાન ૯૧.

આપ તણી આશિષ વિના, રે'શે ના સ્થિર તેમ;
પતિસ્વરૂપ પ્રભુ તમ પદે, થઈ લીન સપ્રેમ. ૯૨.

અબલા દાસી આપની, માગું કૃપાપ્રસાદ!
બોલે શ્રીગુરુઃ- હે પ્રિયે!, આજ સુધી સાક્ષાત્ ૯૩.

પાતિવ્રત્યે માહરી, કીધી સેવા જાણ;
અભેદબુદ્ધિથી તથા, દત્ત તણી પણ માન. ૯૪.

કીધી સેવા જે અહીં, જાણ ન નિષ્ફળ તેહ;
થઈ કૃપા શ્રી દત્તની, તુજ પર નિઃસંદેહ. ૯૫.

પુત્રમૃત્યુનિમિત્તથી, પામી આ સદ્બોધ;
આશિષ મારી પણ તને;, સ્વાન્તે જ્ઞાનજયોત. ૯૬.

થશે પ્રગટ તારા નકી, મા કર શંકા દેખ;
તૂટી અજ્ઞાનબંધનો, તારાં સત્વર છેક. ૯૭.

ના ભીતિ કલિકાલની, રે'શે તુજને જાણ;
ના બાધશે સ્વપ્નેય એ, તને ફરી અજ્ઞાન. ૯૮.

બ્રહ્મપ્રકાશ અંતરે, પડી અબઘડી આંહ્ય,
પરમાનંદ તણી તને, થાશે પ્રાપ્તિ સદાય. ૯૯.



૧. લિંગ નામે ૨. વૈશ્ય ૩. પાંગળો વિગેરે

વિદેહમુક્તિ આખરે, પામીશ નિ:સંદેહ!
એમ કહી શ્રીગુરુ તિહાં, સુધા દૃષ્ટિથી તેહ. ૧૦૦.

દેખે નિજ કાન્તા ભણી;, તેથી એકાએક
સતી અન્નપૂર્ણા તણું, માયિકાવરણ છેક. ૧૦૧.

થાય નષ્ટ તત્ક્ષણ અહા!, પતિ સહ જગ સંપૂર્ણ
દેખાવા લાગ્યું તિહાં, દત્તસ્વરૂપ તૂર્ણ!! ૧૦૨.

વદી એમ શ્રીગુરુ તિહાં, રહ્યા મૂક સ્મિતવક્ત્ર[1];
સતી અન્નપૂર્ણા કરે, નમન સાષ્ટાંગ તત્ર. ૧૧૪.

દેખી એમની એ સ્થિતિ, બોલે શ્રી ગુરુ ત્યાંય;
હવે તું અને હું પ્રિયે, રહ્યા ભિન્ન ના આંહ્ય. ૧૦૫.

તોએ મહત્ત્વ અર્ણવે, હોવા છતાંય જેમ
મર્યાદા એ ના ત્યજે;, સંસારે આ તેમ.૧૦૬

પાળી મર્યાદા સદા વર્તન કરવું જાણ,
સશાસ્ત્ર સ્ત્રીજાતિ તણા, ધર્મ પ્રમાણે માન. ૧૦૭.

માતા અનસૂયા અને, મદાલસાદિક તેમ
પુણ્યસ્ત્રીઓએ ધર્મ,મર્યાદા પાળી જેમ, ૧૦૮.

નામ અમર નિજનું કર્યું;, તેમ ભૂ વિષે આંહ્ય
વર્તી પોતે હે પ્રિયે!, થઈ કૃતાર્થ સદાય. ૧૦૯.

અન્ય સ્ત્રીઓને ધર્મ,મર્યાદાપાલન તેમ
કરતાં શીખવવું અહીં, સ્વોદાહરણે[2] એમ. ૧૧૦.

દેહભાવથી પતિ તણી, દાસી હું પદનિષ્ઠ;
જીવભાવથી પતિ તણો, અંશ તેમ સન્નિષ્ઠ; ૧૧૧.

આત્મભાવથી હું અને, એકરૂપ પતિ તેમ;
રાખી ભાવના એહવી, જલતરંગવત્ એમ. ૧૧૨.

બ્રહ્માનંદે મગ્ન તું, રહી સર્વ વ્યવહાર
બાહ્યદૃષ્ટિથી દેહ સમ, કર હવે નિર્ધાર! ૧૧૩.

અ.૩

અનન્યભાવે જે કરે, માતપિતાની સેવ;
પતિવ્રતા પતિને ભજે, માની પ્રત્યક્ષ દેવ. ૧૨૨.

તે સહુ પણ મુજને ભજે, ભક્ત પ્રિય એ જાણ
સાધુસંતસેવા કરે, મદ્ભક્ત એ માન. ૧૨૩.

ગુરુભજને રત[3]જે સદા, મદભક્ત પણ તેહ
તદધીન આપું બધું, ઈપ્સિત, નહિ સંદેહ. ૧૨૧.

**અ.૬**

**ત્રિશક્તિ :-**

સૂણી વચન ત્રિશક્તિ એ, કહે:- અનસૂયા ધન્ય!
ધન્ય નિષ્ઠા તાહરી!, પતિસેવા પણ ધન્ય! ૧૧૮.

ધન્ય ભક્તિ તાહરી!, દેહાભિમાન સમૂળ
ગલિત થયું તારૂં અહા!, તું ચિન્મૂર્તિ સ્થૂલ[4]! ૧૧૯.

બ્રહ્મવાદિની બ્રહ્મ તું, ભેદ ન તુજમાં લેશ;
દેખી ભાવ થયા સ્વયં, બાળ વિધિ હરિ મહેશ. ૧૨૦.

તારૂં અમારૂં એમનું, અભિન્ન એક સ્વરૂપ;
પ્રેમલક્ષણા તાહરી, ધન્ય ભક્તિ અનુપ! ૧૨૧.

મહામાયા તું ચિત્કલા, કાત્યાયની તુજ નામ;
શોભે જગદંબે ભલું, કરે પૂર્ણ સહુ કામ. ૧૨૨.

ત્વન્નામસ્મરણે ટળે, પાપ તાપ સહુ એમ;
દૈન્ય વ્યથા નાસે સહુ, પામે પામર ક્ષેમ. ૧૨૩.

અત્ર્યનસૂયાનામથી, કરે નર્મદા સ્નાન,
ચોળી સંગમ મૃતિકા, જાય કુષ્ઠાદિ જાણ. ૧૨૪.

દર્શનમાત્રે આ હરે, દુરિત સર્વ તુજ સ્થાન;
શ્રદ્ધા રાખી અંતરે, કરે તીર્થમાં સ્નાન. ૧૨૫.

સંગમમાટી ચોળીને, રોગી અશક્ત જન
તીર્થોદકપ્રાશન થકી, થાય મુક્ત તત્ક્ષણ. ૧૨૬.

એવું પાવન સ્થાન આ;, જમાડતાં દ્વિજ એક,
અનંત વિપ્રભોજનતણું, પામે પુણ્ય જો નેક. ૧૨૭.

જપ તપ શીઘ્ર ફળે સહુ, થાય ભવનદી પાર,
[5]વરદે! દર્શનપૂજને, સિદ્ધ કામ તત્કાળ. ૧૨૮.

અનસૂયાશ્રમનામથી, થશે સ્થાન પ્રસિદ્ધ;
ત્વત્કૃપાથી જનતણી, થશે કામના સિદ્ધ. ૧૨૯.

વિશેષ શું કહેવું હવે?, પતિ અમારા જાણ,
ત્વત્સન્નિધ રહેશે સદા, તેમ અમે પણ માન. ૧૩૦.

સન્નિધ રહી કરીશું સદા, ભક્તકામના પૂર્ણ
સત્ય વચન આ ભામિની[6]!, અદેય[7] છે એ ઋણ. ૧૩૧.

૧. હસતું મુખ છે જેનું ૨. પોતાના દૃષ્ટાંતથી ૩. પ્રીતિવાળો ૪. દેહધારી, સાકાર ૫. હે, વરદાન આપનારી ૬. સુંદર સ્ત્રી ૭. ન આપી શકાય તેવું

અનસૂયા તુજ સમ નકી, થયું ન કોઈ આન
પતિભક્ત આ ત્રિભુવને;, થશે ન બીજું માન. ૧૩૨.

વેદમાતા તું સતી, કેવળ વેદસ્વરૂપ!!
એમ કહી વંદન કરે, સર્વ એક જ રૂપ! ૧૩૩.

**અ.૭**

**અનસૂયા માતા :-**

સૂણી અનસૂયા વદેઃ-, ધન્ય સાધ્વી તું જાણ
વચન અમૃતથી ભલાં, મિષ્ટ તાહરાં માન. ૧૫૦.

પતિવ્રતા સાધ્વીતણી, કીર્તિ ત્રિભુવન ગાય;
પતિસેવાથી ક્ષિતિતલે, શું શું કહે ન થાય? ૧૫૧.

કાયા વાચા મન થકી, કરે પતિની સેવ
તરી તારે અન્યને, કરે દીનને દેવ. ૧૫૨.

ધર્મ અર્થ ને કામને, કરે પલકમાં પ્રાપ્ત;
મુક્તિ પદ ચાટે સદા;, સતી તીર્થ પર્યાપ્ત. ૧૫૩.

કષ્ટ ના ગણે કો દિને, કરે ભાવથી સેવ
દેવાધિક પતિને ગણી, સાધ્વી ધન્ય સુદૈવ! ૧૫૪.

ફાવે તેવો પણ પતિ, રાખે એ પર ભાવ;
સ્વધર્મપાલનથી થશે, દગ્ધ સકળ ત્રિદાવ! ૧૫૫.

મેં પણ આ ધર્મે કર્યો, આત્મા નિજ પાવન
પતિચરણરત સર્વદા, રહે સંતુષ્ટ મન. ૧૫૬.

અંતર્બાહ્ય વસે પતિ, તન્મુખ પરમાનંદ
આપે; કોણ ગણે તિંહા, તુચ્છ બ્રહ્માનંદ. ૧૫૭.

અનસૂયાનાં વચન એ, સુણી શાંડિલિ એમ;
નમન કરી બોલે અહા!, માનું હું પણ તેમ. ૧૫૮.

ધન્ય અનસૂયા સતી!, વચન તાહરાં ધન્ય!
ધન્ય મહામાયા તુને!, નમું ફરી ફરી ધન્ય! ૧૫૯.

પતિસેવન મુજને ગમે, પતિ પ્રાણજીવન!
ઉત્તેજન આપ્યું સતી, આપી આજ દર્શન! ૧૬૦.

મહત્તપશ્ચરણે કદિ, દુર્લભ દર્શન જાણ;
દેવો સહ ત્વચ્ચરણનું, થયું આજ તે માન. ૧૬૧.

પતિસેવાનું ફળ નકી, માનું ઉત્તમ એહ;
પતિ દૈવત આપણું, એમાં શો સંદેહ? ૧૬૨.

અનસૂયાની કીર્તિ એ, આનંદે સહુ ગાય;
કહે **રંગ** સુણતાં વ્યથા, ભવની સમૂળ જાય. ૧૮૭.

આ અધ્યાયે એમ આ, વર્ણ્યો સતી પ્રભાવ;
ધન્ય અનસૂયા સતી!, ધન્ય શાંડિલીભાવ! ૧૮૮.

**અ.૧૪**

સ્વપ્ને પણ પર પુરુષને, ના દેખે જે જાણ
ઉત્તમ પતિવ્રતા કહી, બીજી મધ્યમ માન. ૧૨૭.

માની બંધુસમ અન્યને, રહે સદા અલિપ્ત;
ત્રીજી કનિષ્ઠ, દેખી જે, થાય અન્ય નર ક્ષિપ્ત[1]. ૧૨૮.

થાએ વિહ્વળ અંતરે, રહે પ્રયત્ને શુદ્ધ;
કનિષ્ઠ તે પણ કોક દિ, તરે થઈ પ્રબુદ્ધ. ૧૨૯.

ચિંતે પર નરને સદા, કરે છન્ન[2]સંભોગ;
જારિણી તે જાણવી, પામે વૈધવ્યયોગ. ૧૩૦.

જન્માંતરે ફરી ફરી, થાએ વિધવા જાણ;
ડૂબાડે કુળને સ્વયં, ડૂબે નરકે માન. ૧૩૧.

માટે પતિસેવા થકી, થા સાધ્વી તું ધન્ય;
સ્વપ્ને પણ સદ્‌વૃત્તિને, ના છોડીશ અનન્ય. ૧૩૨.

**અ.૨૩**

હે ઈશ્વર! પ્રાર્થું તને, જન્મોજન્મે એમ;
આપ યોગ પતિતણો, કદિ વિયોગ ન તેમ. ૧૦૯.

જળ જેવી માછલી, તેવી પતિ વિણ નાર;
મરી તરફડી સર્વથા, ખાય સર્વ નો માર. ૫૩/૩૯

**અ.૨૬**

ઋષિપત્નીઓ વંદીને, કહેઃ- અજોડ જાણ
પતિવ્રતા આ રેણુકા, જગદ્વંદ્ય સુજાણ. ૧૧૪.

જોટો એનો ના કદિ, દીઠો નજરે એમ;
ધન્ય વરેણ્ય એ નકી, વંદન ફરી ફરી તેમ! ૧૧૫.

માતૃપિતૃકુળ ભર્તૃકુળ, તાર્યાં એણે જાણ;
અમર નામ કીધું જગે, પાવન નિશ્ચય માન. ૧૧૬.



૧. ચંચળ ૨. ગુપ્ત, છાનો

પામી અક્ષય ધામ એ, પાતિવ્રત્યે એમ;
ના પુનરાવૃત્તિ હવે, એને કદિએ તેમ. ૧૧૭.

હે જગદીશ્વર સર્વને, આપો બુદ્ધિ એમ;
માની પતિને દેવ સમ, સેવે અનન્ય તેમ! ૧૧૮.

અ.૨૭

એજ રેણુકામુખ સહુ, પૂજે આજે લોક;
વારે દુખડાં દર્શને, ટાળે સઘળો શોક. ૩૧.

જે જન માહૂરે જઈ;, માતૃતીર્થમાં એમ
કરી સ્નાન, જગદંબિકા, પૂજે ભાવે તેમ. ૩૨.

ટળે પાપ સહુ તેમનાં, શમે તાપદવ જાણ!
થાય ધન્ય ઉભયત્ર એ, પામે સુખ નિર્વાણ. ૩૩.

સ્વયં પાર્વતી રેણુકા, એમાં ના સંદેહ;
જમદગ્નિ શંકર નકી, થયા અવતીર્ણ એહ. ૯૫.

★★★★★

## સ્તુત્ય પાત્ર પરિચય

૮. **અલર્ક :**

કુવલયાશ્વ - મદાલસાનું પુત્ર રત્ન. વંદન ભક્તિનો સમર્થક. મોટા ત્રણ પુત્રોને માતાએ બોધસ્તન્ય પીવડાવ્યું. જ્યારે અલર્કના ગ્રહો તેજસ્વી ઉચ્ચ હતા આથી તેને રાજ્યધૂરા સંભાળવાની. માતાએ રાજનીતિ, દંડનીતિ, પ્રજારંજન, ધનુર્વિદ્યા બધું બોધસ્તન્યમાં પીવડાવ્યું. અલર્ક એટલે હડકાયું કુતરું. વિષયોમાં એવો ગાંડો બન્યો કે ન પૂછો વાત. મોટાભાઈ સુબાહુએ એને તારવાના પ્રયત્નો શરૂ કર્યો. 'ભય વિના પ્રિત નહીં'. એને કાશીરાજાની મદદથી હરાવ્યો. અપકીર્તિના ભયે ભાગ્યો. માતા મદાલસાએ આપેલી ચિઠ્ઠી (બોધ) યાદ આવી. ખોલીને વાંચી. 'સંગ સર્વથા ત્યાગવો, નહીં તો સત્સંગ કરવો' અને 'કામ સર્વથા ત્યાગવો, નહીં તો મોક્ષકામ રાખવો'. સંત ક્યાં મળે કે જેથી સંત સંગ કરું. કોઈએ દત્ત ભગવાનનું ઠેકાણું આપ્યું. સહ્યાદ્રિ પર આવ્યો. ભગવાનને જોયા અને પ્રાર્થના કરે છે.

**(અનુ. પાન નં. ૮૭)**

## પતિવ્રતા - સતી સ્ત્રીના ધર્મો / મહિમા

શ્રી ગુરુલીલામૃત ગ્રંથના વાચનથી એક વસ્તુ સ્પષ્ટ તરી આવે છે કે તેમાં પતિ કરતાં સતીનું માહાત્મ્ય વિશેષપણે ગાયેલું છે.

ત્રિદેવે પુત્રરૂપે અવતરવાનું વરદાન આપ્યું. તેમાં અત્રિઋષિ એક જ વાર નિમિત્ત બન્યા, જ્યારે અનસૂયામાતા બે વાર નિમિત્ત બન્યા. શ્રીપાદ પ્રભુનું પ્રાગટ્ય સુમતિમાતાને આભારી છે અને શ્રીનૃસિંહ સરસ્વતીનો અવતાર અંબામાતાને આભારી છે.

શ્રી ગુ.લી.માં અનસૂયા, શાંડિલી, વિષ્ણુદત્તપત્ની, રેણુકા, મદાલસા, સુમતિ, અંબા, દત્તસ્ત્રીસાવિત્રી, મહાનંદા, સીમંતિની, ભિલ્લસ્ત્રી, કૌંડિણ્ય પત્ની સુશીલા, દેવહૂતીમાતા, બોડાણાપત્ની ગંગા, રમામાતા, અન્નપૂર્ણામાતા આદિ સન્માનીય સ્ત્રીઓની વાત છે.

તપસ્વી કાગસ્ત્રીને બાળી શકે પણ સતીસ્ત્રીને કશું કરી શકતો નથી. સતીથી બધા ડરે છે કારણે એનું તેજ સૂર્યને પણ ઝાંખું પાડે તેવું હોય છે.

સતી મદાલસા માટે પૂ.શ્રીએ ગાયું છે :

કરતાં કીર્તન એહનું, થાય પાપનો નાશ;
સ્મરતાં પ્રાતઃકાલમાં, અંતઃશુદ્ધિ ખાસ ! (અ. ૩૨/૪૦)

આ વાત સર્વ સતીઓના સ્મરણને એટલી જ લાગુ પડે છે.

સતી મદાલીસાએ તો પતિ અને પુત્રોને સદ્ગતિ અપાવી હતી.

વિષ્ણુદત્તનાં પત્નીના હાથનું અન્ન ખાઈને પૈઠણના બ્રહ્મજ્ઞાની છોકરાની વૃત્તિ સ્થિર થઈ હતી.

એવી કથા છે કે અત્રિઋષિના આશ્રમમાં આવેલા નારદજીને પાણી આપવા ઊભાં થયેલાં સતી અનસૂયામાતાએ છોડેલું સાંબેલું હવામાં અદ્ધર રહેલું જોઈ નારદજી ચકિત થઈ ગયા હતા.

શાંડિલીએ સૂર્યને ઊગતાં આઠ-આઠ દિવસ સુધી અટકાવી રાખેલો.

રેણુકા માતા વસ્ત્રમાં બાંધી પાણી લાવી શકતાં.

શ્રી ગુ.લી.માંની અને પુરાણોમાં આવતી સાવિત્રી પોતાના પતિઓને અનુક્રમે દત્ત અને સત્યવાનને યમરાજના પંજામાંથી પાછા લાવી શકી હતી.

મહાનંદા વેશ્યા કે જે વણિકની ત્રણ દિવસની જ પત્ની થઈ હતી તેની નિષ્ઠા કેવી કહેવાય કે જે સતી થવા તૈયાર થઈ.

સતી-પતિવ્રતા સ્ત્રીઓનો પ્રભાવ શું ન કરી શકે ?